રિટેલમાં એફડીઆઈ અંગે લોકસભામાં યુપીએની જીત

મલ્ટિબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈની તરફેણમાં ૨૫૩ સાંસદોએ મત આપ્યો વિરુદ્ધમાં ૨૧૮ મત પડ્યા : તમામ પક્ષો સાથે વાતચીત કરીને નિર્ણય કરાયો

નવી દિલ્હી,તા.૫

મલ્ટિબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈના મુદ્દે લાંબી અને ગરમાગરમ ચર્ચા બાદ આજે લોકસભામાં મતદાન યોજાયુ હતુ. યુપીએ સરકારે એફડીઆઈ મુદ્દે મતદાનમાં જીત મેળવી હતી. મલ્ટિબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈની તરફેણમાં ૨૫૩ સાંસદોએ મતદાન કર્યુ હતુ જ્યારે વિરુદ્ધમાં ૨૧૮ સાંસદોએ મતદાન કર્યુ હતુ. એમ સરકારે લોકસભામાં એફડીઆઈ મતદાનમાં જીત મેળવી હતી જ્યારે વિપક્ષની દરખાસ્ત ઉડી ગઈ હતી. વિપક્ષની દરખાસ્ત ઉડી જતા આખરે સરકારને મોટી રાહત થઈ હતી.

અગાઉ ચર્ચા દરમિયાન વિરોધપક્ષ દ્વારા કરવામાં આવલા આક્ષેપોનો જવાબ આપતા વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્માએ આજે કહ્યુ હતુ કે મલ્ટિબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને મંજુરી આપવાનો નિર્ણય રાતોરાત લેવામાં આવ્યો ન હતો. વર્ષો સુધી દેશમાં આ વિષય ઉપર ચર્ચા ચાલી હતી. ખેડૂતોની દુર્દશા અંગે વાત કરતા અનંદ શર્માએ કહ્યુ હતુ કે દેશમાં ઘણીબધી પેદાશ નાશ પામે છે કારણ કે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાનો હજુ પણ અભાવ છે. તેમણે કહ્યુ હતુ કે અર્થતંત્રને વધુ મજબુત કરવા માટે તાત્કાલિક ધોરણે પગલા અતિ જરૂરી છે. અમને લઘુતમ નુકશાન થાય તેની ખાતરી કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એફડીઆઈથી સ્ટોરેજ સુવિધા પૂરતા પ્રમાણમાં મળી જશે. સાથે સાથે ઘણી પેદાશોને નુકશાનથી બચાવી શકાશે.

એફડીઆઈના નિર્ણયનો બચાવ કરીને એનડીએનો આભાર પણ માનતા આનંદ શર્માએ કહ્યુ હતુ કે અમેરિકા અને યુકેના લોકો હલ્દીરામ અને બીકાનેરવાલાની પ્રોડક્ટ તરફ આકર્ષિત થઈ રહ્યા છે. હલ્દીરામ હવે વિશ્વભરમાં ૩૮ સ્ટોર ધરાવે છે. જ્યારે લંડનમાં ત્રણ સ્ટોર ધરાવે છે. જ્યારે બીકાનેરવાલાની ૧૦૦૦ કરોડ રૂપિયાની કંપની છે. તે વિશ્વમાં ૮૫ સ્ટોર ધરાવે છે. તેમણે ઉમેર્યુ હતુ કે વિદેશી કંપનીઓ તરફથી તીવ્ર સ્પર્ધા વધવાથી ભારતીય કંપનીઓને પણ વિશ્વસ્તરની બનવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યુ હતુ કે મેકડોનાલ્ડે ભારતમાં પ્રવેશ કર્યા બાદ આલુ કી ટિક્કી બનાવવાની શરૂઆત કરી દીધી છે. શર્માએ કહ્યુ હતુ કે દેશમાં ૧૭ સૌથી મોટી કન્ઝ્યુમર સંસ્થાઓ સાથે વાતચીત કરી ચુકયા છીએ. તમામ રાજ્યોને પણ લખવામાં આવ્યું છે.

૧૪ મુખ્યમંત્રીઓ જવાબ આપી ચુકયા છે જેપૈકી ૧૧ દ્વારા તરફેણ કરાઈ છે. પાંચ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. ૧૨ ખેડૂત યુનિયનોએ રિટેલ સેક્ટરમાં એફડીઆઈને મંજુરી આપવા અંગે વાત કરી છે. શર્માએ ઉમેર્યુ હતુ કે તેઓ પ્રકાશસિંહ બાદલ, નવિન પટનાયક, મમતા બેનર્જીને અંગતરીતે મળી ચુકયા છીએ અને એફડીઆઈ અંગે વાત કરી છે. તેઓ નીતિશકુમાર સાથે લાંબી વાત કરી છે. ભાજપ શાસિત રાજ્યો ગુજરાત અને હિમાચલપ્રદેશ તેમજ અકાલી શાસિત પંજાબે લેખિતમાં ક્યારેય વિરોધ કર્યો નથી. કેટલાક રાજ્યોએ એફડીઆઈ સામે ચોક્કસ વાંધાઓ ઉઠાવ્યા છે પરંતુ અમે આને અમલી બનાવવી કે નહીં તે અંગેનો નિર્ણય રાજ્યો પર છોડી દીધો છે. આનંદ શર્માએ કહ્યુ હતુ કે દરેક વ્યક્તિને લોકશાહી માળખામાં ટેકો આપવાનો અથવા તો વિરોધ કરવાનો અધિકાર છે.

સરકાર કઈ રીતે જીતી

લોકસભામાં આજે એફડીઆઈ મુદ્દે લાંબી ચર્ચા પૂર્ણ થયા બાદ મતદાન થયું હતુ. મતદાન પહેલા જ સપા અને બહુજન સમાજ પાર્ટીએ વોકઆઉટ કર્યો હતો જેથી સરકારની જીત સરળ બની હતી. સરકાર કેટલા મતે જીતી તેનો આંકડો નીચે મુજબ છે.

લોકસભાનું સંખ્યાબળ ઘટીને થયું	૫૦૦
કુલ મત પડ્યા	૪૭૧
એફડીઆઈ ચર્ચા જીતવા જરૂરી મત	૨૫૧
સરકારના સમર્થનમાં મત	૨૫૩
વિરોધમાં મત પડ્યા	૨૧૮

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા મોટા ખાતે ગાંધીનગર દક્ષિણની બેઠકના ભાજપ દ્વારા કાર્યાલય ખુલ્લું મુકાયું

ગાંધીનગર જિલ્લાના ગુજરાત વિધાનસભાની પાંચેય બેઠકો માટેનું ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થતાં ગાંધીનગરની દક્ષિણ બેઠક પર કુલ ૭ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવતાં મુખ્યત્વે ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારો વચ્ચે ખરાખરીના જંગનો માહોલ ધીમે ધીમે વેગવાન બને તેવા સંકેતો સાંપડી રહ્યા છે. આ બેઠક પર ભાજપના ઉમેદવાર શંભુજી ચેલાજી ઠાકોર રિપિટ ઉમેદવાર તરીકે જંગ ખેલી રહ્યા છે. જયારે કોંગ્રેસ તરફથી જુગાજી ઠાકોર. બંને ક્ષત્રિય ઉમેદવારો વચ્ચે રસપ્રદ ચૂંટણી ખેલાય તેવું સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યું છે. ચાલુ સાલે દરેક ઉમેદવારો તથા કાર્યકરોએ દિવસ-રાત પ્રચારમાં વ્યસ્ત રહેવું અનિવાર્ય બન્યું છે અને માટે મતદારોને રીઝવવા ચોકકસ પ્રકારનું આયોજન ગોઠવવા કાર્યાલયો દ્વારા લોકસંપર્ક અભિયાન ચલાવવું જરુરી લાગી રહ્યું છે. ચિલોડા સર્કલે દક્ષિણ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર શંભુજી ઠાકોરના ચૂંટણી કાર્યાલયનો શુભારંભ ચિલોડા અક્ષર કોમ્પ્લેક્ષ ખાતે ભાજપાના જિલ્લા કક્ષાના તમામ હોદ્દેદારો, કાર્યકરોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે માનનીય શંભુજી ઠાકોર, અશોકભાઈ પટેલ (વકીલ), કોદરભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, લલિતભાઈ પટેલ, હીરાભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, હમસુખભાઈ પટેલ (વકીલ) વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન કર્યા હતાં.

આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિને હૃદયની શ્રદ્ધાંજલી...

કોલંબિયા યુનિવર્સિટીમાં છેલ્લાં ૧૦ વર્ષનો શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનું બિરૂદ પામનાર બોધીસત્વ ભારત રત્ન દલિતોના મસીહા ગાંધીજીનો જય બચાવનાર ડૉ. બાબાસાહેબ આંબેડકરનો પરિનિર્વાણ દિને આજે દેશ વિદેશમાં ઠેર ઠેર તેમને શ્રદ્ધાંજલી અર્પવાના કાર્યક્રમો ચાલી રહ્યા છે ત્યારે આજે આપણે તેમના ધર્મ પરિવર્તન વિશે ચર્ચા કરી તેમને શ્રદ્ધાંજલી અર્પીએ.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ જ કેમ અપનાવ્યો તેનાં અનેક કારણો છે, જે ધર્મનો જન્મ ભારતમાં થયો છે અને આજે વિશ્વના ૫૦થી પણ વધુ દેશમાં તેનો ફેલાવો છે તે ભારતના નાગરિકોએ ગૌરવ લેવા જેવી વાત છે. બૌદ્ધ ધર્મ સિવાયના ધર્મો જોઈએ તો ઇસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ વિદેશથી આવેલા છે, જેના મૂળ ભારતમાં નથી. પણ બૌદ્ધ ધર્મ ભારતમાં થયો અને વિદેશમાં ગયો એટલે જે પણ વ્યક્તિ બૌદ્ધ ધર્મની દિશા લે તેના ઉપર વિદેશી હોવાની શંકા ના ઉપજે.

બીજું, બૌદ્ધ ધર્મમાં જાતિ પ્રથા નથી. જેમ સમુદ્રમાં અનેક નદીનાં જળ સમાઈ જાય છે તેમ બૌદ્ધ ધર્મમાં પણ અનેક જાતિઓ સમાઈ જાય છે. પછી કોઈ જાતિનું અસ્તિત્વ રહેતું નથી. બૌદ્ધ ધર્મ આત્મામાં માનતો નથી. પૂર્વ જન્મ કે મૃત્યુ પછીના જન્મની કોઈ કાલ્પનિક વાતમાં રાચતો નથી. બૌદ્ધ ધર્મમાં જીવતે જીવ માણસે નિર્વાણનો સાક્ષાત્કાર કરવાનો હોય છે.

દુનિયાનો મોટામાં મોટો કોઈ રેશનાલિસ્ટ હોય તો તે ભગવાન બુદ્ધ હતા કે જેમણે ઈશ્વરનો અવતાર બાદ સ્વીકાર કરેલો. પૃથ્વીનો જન્મ કોઈ કપોળકલ્પિત વિચારથી નહીં પણ તત્ત્વોના સંયોજનથી નિસર્ગના નિયમ મુજબ થયો છે. તેમણે પોતાને કોઈ પણ ભગવાનના દિકરા કહ્યા નથી પણ જેમ દરેક સજીવનો જન્મ માના પેટમાં થાય તેમ તેમણે પણ માના પેટમાંથી જ આપણી માફક જન્મ લીધો છે. બૌદ્ધ ધર્મની અંદર યજ્ઞો, બલી, કર્મકાંડને ક્યાંય સ્થાન નથી. બૌદ્ધ ધર્મ એ વ્યક્તિના આ જીવનના ઉદ્ધારની વાત કરે છે, નહીં કે જેજન્મ આપણે જોયો જ નથી. જે લોક-પરલોક આપણે જોયું જ નથી તેની ચિંતા અત્યારે શું કામ કરવી?

બૌદ્ધ ધર્મમાં ગૃહસ્થો માટે પાંચ શીલ આપેલ છે, જે સમાજની ધરોહર છે, જેને પંચશીલ કહેવામાં આવે છે. આજે દુનિયામાં જે ભ્રષ્ટાચાર, હિંસા, વ્યાભિચાર, ચોરી, આતંકવાદ વકરી રહ્યા છે તે પંચશીલ તૂટવાના કારણે વધી રહ્યા છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું છે કે ભવિષ્યમાં વિશ્વને કોઈ ધર્મ જો બચાવી શકે તેમ હોય તો તે ફક્ત ને ફક્ત બૌદ્ધ ધર્મ જ છે. દુનિયાના મોટાભાગના વૈજ્ઞાનિકો છેવટની ઉંમરે બૌદ્ધ ધર્મના શરણે જાય છે. ત્યારે આપણે પણ ડૉ. બાબાસાહેબના આ ધર્મ પરિવર્તનને યોગ્ય રીતે સમજીને તેના માર્ગે ચાલીશું તો આજે તેમના પરિનિર્વાણ દિને સાચી શ્રદ્ધાંજલી અર્પી ગણાશે.

ભવન્તુ સર્વ મંગલમ્

- ભીખાભાઈ અમીન

વડીલોને વંદન અભિનંદન

અમૃતલાલ ઠક્કર
(૧૯૩૫)ફોન: ૨૩૨૨૨૪૧૧

૭૦૦ જેટલા વાહન ચાલકોને બ્રીધ એનેલાઈઝરથી ચકાસાયા

એક માસમાં ૬૨૦૮ વાહન ચાલકોને ટ્રાફિક નિયમનના ભંગ બદલ રૂ. ૬.૬૩ લાખનો દંડ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે નવેમ્બર માસ દરમિયાન ૭૦૦ લોકોને બ્રીધ એનેલાઈઝરથી ચકાસ્યા હતા. જેમાંથી ૨ વાહનચાલકો દારૂ પીધેલી હાલતમાં પકડાયા હતા. તે ઉપરાંત ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૬૨૦૮ પાવતી વાહન ચાલકોને પકડાવી રૂ. ૬.૬૩ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે.

જિલ્લામાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો પૈકી ૬૨૦૮ને પકડીને તેમની સામે દંડનીય કાર્યવાહી નવેમ્બર માસમાં કરવામાં આવી હતી. જેમાં સીટ બેલ્ટ વગર ફરતા ૧૬૯૦ કાર ચાલકોને પાવતીઓ પકડાવી રૂ. ૧,૬૯,૦૦૦ દંડ વસુલવામાં આવ્યો હતો. જ્યારે હેલ્મેટ પહેર્યા વગર ભટકતા ૬૬૨ વાહન ચાલકો પાસેથી રૂ. ૩૩,૧૦૦ ની દંડની વસુલાત કરવામાં આવી હતી. બેફામ ગતિએ જાહેર માર્ગો પર વાહન ચલાવી ભયજનક રીતે રખડતા અને અકસ્માત સર્જે તેવી સ્થિતિમાં વાહન ચલાવતા ૧૨૯૮ ચાલકોને પાવતી આપી જોગવાઈ મુજબ રૂ. ૨.૧૮ લાખનો દંડ વસુલી સઘન કાર્યવાહી કરવામાં આવી હતી. ચાલુ મોબાઈલે વાહન ચલાવતા ૨૫૧ વાહન માલિકો પાસેથી રૂ. ૨૩,૫૨૫ દંડ વસુલવામાં આવ્યો હતો. તેમ ટ્રાફિક પોલીસ વાય.આર. ગામીતે જણાવ્યું હતું.

કંપની સમાચાર

કેડિટ એનાલિસિસ એન્ડ રિસર્ચ લિમિટેડની ઈનિશિયલ પબ્લીક ઓફર

૧૧ ડિસેમ્બર-૨૦૧૨ના રોજ બંધ થશે

કેડિટ એનાલિસિસ એન્ડ રિસર્ચ લિમિટેડ (ધ કંપની) સેલીંગ શેરહોલ્ડર્સ મારફત રૂ. ૧૦ના એક એવા ૭,૧૯૯,૭૦૦ ઈક્વિટી શેરોનું જાહેર ભરણું ઓફર કરી રહી છે. જો કે શેરોનો ભાવ ૧૦૦ ટકા બુક બિલ્ડીંગ પ્રોસેસ (ધ ઓફર) મારફત નક્કી થશે. શેર દીઠ રૂ. ૭૦૦ થી રૂ. ૭૫૦નો પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવી છે. જાહેર ભરણામાં રોકાણ કરવા માટે ઓછામાં ઓછા ૨૦ શેરની અરજી કરવાની રહેશે અને ત્યાર બાદ ૨૦ ઈક્વિટી શેરોના ગુણાંકમાં અરજી કરવાની રહેશે. ઓફર ભરણા બાદની કંપનીની શેર મૂડીનો ૨૫.૨૨ ટકા હિસ્સો દર્શાવે છે. બીડ/ઓફર ભરણા માટે ૭ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજથી ખુલશે અને તે ૧૧ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ મંગળવારે બધા બીડર્સ માટે (એન્કર રોકાણકારો સિવાય) બંધ થશે. કંપની અને સેલીંગ શેરહોલ્ડર બૂક રનીંગ લીડ મેનેજર્સની સાથે સલાહસૂચન કરીને એન્કર રોકાણકારના સહભાગી થવા અંગે નિર્ણય લેશે. ધ એન્કર ઈન્વેસ્ટરનો બીડ/ઓફર ગાળો સેબીના નિયમનો પ્રમાણે બીડ/ઓફર ખૂલવાના એક વર્કિંગ દિવસ પૂર્વેનો રહેશે એટલે કે ૬ ડિસેમ્બર ૨૦૧૨ ગુરૂવારનો રહેશે.

ઈશ્યૂ ૧૦૦ ટકા બૂક બિલ્ડીંગ રૂટ મારફત ઓફર કરાશે. જેમાંથી ઈશ્યૂનો ૫૦ ટકા હિસ્સો પ્રપોશનેટ ધોરણે ક્વોલીફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સને ફાળવવામાં આવશે. કંપની ક્યુઆઈબીનો ૩૦ ટકા હિસ્સો એન્ક રોકાણકારને ડિસક્રીશનરી ધોરણે ફાળવવામાં આવશે. જેમાંથી એક તૃતીયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત છે. ક્યુઆઈબીનો ૫ ટકા હિસ્સો (એન્કર ઈન્વેસ્ટર પોરશનને બાદ કરીને) પ્રપોશનેટ ધોરણે મ્યુચ્યુઅલ ફંડને ફાળવવામાં આવશે. તે ઉપરાંત ઈશ્યૂનો ૧૫ ટકા હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યુશનલ બિડર્સને પ્રપોશનેટ ધોરણે ફાળવવા માટે ઉપલબ્ધ છે. ઈશ્યૂનો ૩૫ ટકા હિસ્સો રીટેઈલ ઈન્ડિ વિજ્યુઅલ બિડર્સને પ્રપોશનેટ ધોરણે ઓફર કરાશે.

પીસી જવેલર લિમિટેડની ઈનિશિયલ પબ્લીક ઓફરીંગનો ઈશ્યૂ ૧૦ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ ખૂલશે શેરદીઠ રૂ. ૧૨૫ થી રૂ. ૧૩૫નો પ્રાઈસ બેન્ડ નક્કી કરાયો

પીસી જવેલર લિમિટેડ (પીસીજે અથવા તો કંપની અથવા ધ ઈશ્યૂઅર) રૂ.૧૦ના એક એવા ૪૫,૧૩૩,૫૦૦ ઈક્વિટી શેરોની ઈનિશિયલ પબ્લીક ઓફર કરી રહી છે. ઈશ્યૂ ૧૦ ડસેમ્બર ૨૦૧૨ના રોજ ખૂલશે. શેર દીઠ રૂ. ૧૨૫થી રૂ. ૧૩૫નો પ્રાઈસ બેન્ડ નક્કી કરાયો છે. ઈશ્યૂ સોમવાર તા. ૧૦ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ ખુલશે અને બધા બીડર્સ માટે ૧૨ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ બંધ થશે. ઈશ્યૂમાં કંપની દ્વારા ૪૪,૭૭૫,૦૦૦ ઈક્વિટી શેરો (નેટ ઈશ્યૂ) સામેલ છે અને તેમાં લાયક કર્મચારીઓ માટે ૩૫૮,૫૦૦ ઈક્વિટી શેરો અનામત (ધ એમ્પ્લોઈ રિઝર્વેશન પોરશન) રાખવામાં આવશે. ઈશ્યૂ ભરણા બાદની કંપનીની શેરમૂડીનો ૨૫.૨૦ ટકા હિસ્સો દર્શાવે છે જ્યારે નેટ ઈશ્યૂ કંપનીની ભરણા બાદની શેરમૂડીનો ૨૫ ટકા હિસ્સો દર્શાવે છે.

આઈઓસીની લાઈનમાં લાગેલી આગ કાબુમાં

અમદાવાદ,તા.૫

દેત્રોજ તાલુકાના રૂદલત ગામથી એક કિ.મી દુર આવેલ આઈઓસીની લાઈમાં લાગેલ વિકરાળ આગ કાબુમાં આવી જતા ફાયર બ્રિગેડે હાશકારો અનુભવ્યોછે. અમદાવાદ, વિરમગામ અને કડી ફાયર બ્રિગેડના ૧૦૦થી વધુ જવાનોએ કલાકોની કામગીરી બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. બીજી તરફ આ ઘટનામાં દાઝેલા ત્રણ વ્યકિતઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની તબીયત સુધાર પર હોવાનું જણાવ્યું છે. આ ઘટનામાં આગ કઈ રીતે લાગી તે અંગે એફએસએલની મદદથી પોલીસે તપાસ હાથ ધરી હોવાનું સુત્રોએ જણાવ્યું છે. રૂદલત ગામથી એક કિ.મી દુર આવેલી આઈઓસીની પાઈપ લાઈમાં ગઈ કાલે સાંજે છ વાગ્યે અચાનક જ ઓઈલના ફુવારા ઉડવા લાગ્યા હતા. ત્યાર બાદ અચાનક જ આગ લાગી ગઈ હતી. ઓઈલ હોવાને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતુ જેથી આસ-પાસના ખેતરો પણ આગની લપેટમાં આવી ગયા હતા. જેથી આસ-પાસના ખેતરોનો પાક બળીને ખાખ થઈ ગયો હતો આ ઉપરાંત સંખ્યાબંધ વૃક્ષો પણ બળીને ખાખ થઈ ગયા હતા. ત્યાર બાદ આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરતા અમદાવાદ, વિરમગામ અને કડી ફાયર બ્રિગેડના જવાનો તાબળતોબ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબુ લેવાના પ્રયોસો શરૂ કર્યા હતા.ત્યાર બાદ આઈઓસીને આ અંગે જાણ કરી ત્યાંથી ઓઈલનો પ્રવાહ બંધ કરાવવામાં આવ્યો હતો.

મહુડીની યુવતી ગૂમ થઈ હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૫

માણસા પોલીસ સ્ટેશનના મહુડી ગામની શ્રી મદનસિંહ રૂપસિંહ રાઠોડની દીકરી કાજલબેન રાઠોડ તા. ૨૦મી નવેમ્બરના બપોરે દોઢ વાગ્યાના સુમારે મહુડી ગામેથી પોતાના ભત્રીજાને ત્યાં પ્રસંગ હોય કોઈને કહ્યા વગર કયાંક જતી રહી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાવવામાં આવી છે.

ગુમ થનાર યુવતિ મધ્યમ બાંધાની રૂપાળી, મોંઢું ગોળ, ઊંચાઈ સવા પાંચ ફૂટ છે. ગુજરાતી ભાષા જાણે છે. લાલ કલરનો પાયજામો તથા બ્લુ કલરનો ઝભ્ભો પહેરેલ છે. તેમ માણસા પોલીસ સ્ટેશનનાં પો. સ.ઇ. શ્રી ડી.એસ. વ્યાસે જણાવેલ છે.

શબ્દાવલી - ૪૯૧૫



આડી ચાવી

૧. ફરજીયાત ના હોય તેવું (૫)
૪. લાગવગ, ઓળખાણ (૨)
૬. જોરદાર, ... હોવું (૪)
૭. મિજબાની (૩)
૯. કાકા-કાકી, દાદા... (૨)
૧૦. નશીબ (૨)
૧૧. વિવાહની આમંત્રણ પત્રિકા (૪)
૧૩. ગાડી, રેલ્વે (૪)
૧૫. એક કઠોળ (૨)
૧૬. હરાજી (૩)
૧૮. ગૌરી, ગરીબડી... જેવી છે (૨)
૧૯. આશ્ચર્ય (૩)
૨૧. ટેવ, કુટેવ (૨)
૨૨. વજનનું એક માપ (૩)

ઊભી ચાવી

૧. મડદા જેવું (૪)
૨. જીવ-જંતુ (૩)
૩. પરવા (૨)
૪. કૂતરાનો... નો ગુણ કદાચ માણસ કરતાં પણ ચડિયાતો છે (૪)
૫. ગીર્દી, ભીડ (૩)
૯. બગડેલ, વીફરેલ (૪)
૧૧. ગરીબી (૫)
૧૨. કોડ ભરેલા, અરમાન વાળા (૩)
૧૪. જાણીતો, પ્રખ્યાત (૪)
૧૫. વાલિયો લૂંટારો, ઋષિ... બન્યા (૩)
૧૭. કૃપા, અનુકંપા (૩)
૧૮. કપોલ, ચહેરાનો હિસ્સો (૨)
૨૦. લીન, ખોવાયેલું (૨)

શબ્દાવલી ૪૯૧૪ના જવાબ

આડી ચાવી :- (૧) સહચારીણી (૪) ખપ (૫) દાદ (૬) ગોર (૭) કરજ (૯) ખચ (૧૧) રજત (૧૨) નઘરોળ (૧૪) અણગમતું (૧૬) વજીર (૧૮) મરૂ (૧૯) કફોડી (૨૦) નડતર

ઊભી ચાવી :- (૧) સદાચરણ (૨) હદ (૩) રીફર (૪) ખરખરો (૭) કતલ (૮) જનગણમન (૧૦) ચળકતુ (૧૩) વજીફો (૧૫) ગરૂડ (૧૬) વક (૧૭) રડી

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601